એસ.કે.એ. યુ.કે.
વાર્ષિક સામાન્ય સભાની મિનીટસ
તારીખઃ ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૩

સ્થળ : એસ.કે.એ. હોલ, વીલીયર્સ રોડ, લંડન, એનડબલ્યુ, ૬પીએચ
સમય : ૩.૦૦ પી.એમ.
ચેરબાય : કમલેશ રતીલાલ મોતીરામ
મિનિટસ : કિરણ નરહરી કાપડીઆ

હાજર સભ્ય મિટિંગ શરૂઆત સમયેઃ૩૬
હાજર સભ્યો મિંટિગ સમાપ્ત સમયેઃ૫૩

એજેન્ડા : એસ.કે.એ. પત્રીકા૧૪૨ માં છપાયેલા મુજબ
૧. ૨૦૧૨ વાર્ષિક સામાન્ય સભાની મંજૂરી
૨. હિસાબ કિતાબ ૩૧ માર્ચ ૨૦૧૩ ની મંજૂરી
૩. નવા ઓડિટર્સની નિંમણુંક
૪. સ્થાયી ઠરાવોનું ન્યુ કંમ્પની લીમીટેડ બાઇ ગેરેન્ટી માં ટ્રાન્સફર
૫. ફાયર ડોર વિશે માહિતી
૬. અન્ય વિષયો

**કમલેશ રતીલાલ મોતીરામ (કરમ)** સેક્રેટરી એ મિટિંગની શરૂઆત કરી બધાને આવકારીને મિટિંગના મુખ્ય મુદ્દા જણાવ્યા અને કહયું કે જે કોઇ સભાસદ પોતાના વિચારો જણાવવા માંગતા હોય તેઓ માઇક પર આવી ને બોલે.

## ૧. ૨૦૧૨ વર્ષની સામાન્ય સભાની મંજૂરી

દરેક ને ગત વર્ષ ની મીનીટ વાંચી જવા દસ મિનીટ આપવામાં આવી હતી અને જે કોઇએ તેના પર ટિપ્પણી કરવી હોય તે કહી શકે છે એમ જણાવવામાં આવ્યું હતું. **કરમ** એ નીચેના કારોબારીના સભ્યો અને જ્ઞાતિજનોએ મિટીંગમાં હાજરી નહીં આપી શકશે એવું જણાવ્યું હતું.
ભાજિન શાંતિલાલ ખત્રી, ચંદ્રપ્રકાશ વલ્લ્ભભાઇ ખત્રી, સુધીર દયારામ ખત્રી, વિનોદ છગનલાલ ખત્રી, કેતન કિશનલાલ ગોલ્ડનવાલા
**પ્રવિણ ઠાકોરલાલ જરીવાલા(પઠજ)** એ લોકોના સંક્ષિપ્તમાં નામો બે અક્ષરોના રાખવા સુચન આપ્યું. **મુકેશ વલ્લભભાઈ ખત્રી(ભવખ)** એ ત્રણ અક્ષરોથી લોકોને સહેલાયથી ઓળખાય એમ કહયું. **કરમ એ** કમિટિ એ વિશે વિચાર કરશે એમ કહયું.
ત્યાર બાદ મિનિટ ને **દીપક પ્રાણજીવન ખત્રી (દપખ)** અને **મહેન્દ્ર મોહનલાલ ખત્રી (મમખ)** એ મંજુરી આપી હતી.

## ૨. હિસાબ કિતાબ ૩૧ માર્ચ ૨૦૧૩ ની મંજૂરી

ખજાનચીની ગેરહાહજરીમાં **મુકેશ વલ્લભભાઇ ખત્રી (મવખ)** એ ખજાનચી તરીકે હિસાબ રજુ કર્યો હતો. **મવખ** એ જણાવ્યુ કે આ વર્ષે દરેક ને પુરી જાણકારી સાથેનું હિસાબ પત્ર આપવામાં આવ્યુ છે.

**મવખ** એ વાર્ષિક હિસાબ ની જાણકારી પાછલા પાનાથી આપવા માંડી હતી.
૧. ૨૦૧૨ માં જ્ઞાતિજનો તરફથી દાન ઓછું આવ્યું છે. ૨૦૧૨ના મહોત્સવના દિવસના ભોજનનો ખર્ચ સંસ્થાએ આપવો પડયો હોવાથી આવક ઓછી છે.

૨. હોલ અને વાસણ ભાડાની આવકમાં પણ ઘટાડો થયો છે. હોલ બહારના લોકો પણ ભાડેથી રાખે તે વાતને પ્રોત્સાહન આપવા હોલની બહાર ઈમેલ એડ્રેસ પણ મુકવામાં આવ્યું છે. બારકલે બેંકમાંથી મળેલ વ્યાજમાં વધારો થયો છે.
૩. ૨૦૧૨ના એકાઉન્ટસમાં રેફલ ટિકિટના વહેંચાણમાં ૨૦૧૩નાએકાઉન્ટસ કરતા આવક ઓછી છે કારણકે ૨૦૧૨માં ઓછી ટિકિટ વહેંચવામાં આવી હતી. ૨૦૧૨ની કોચ યાત્રા માં ભાવમાં ઘણી રાહત આપવામાં આવી હતી પણ તે રાહત ૨૦૧૩માં ઓછી આપતા કોચ યાત્રાની આવક વધારે છે. ભજન સંધ્યા દરમ્યાન આરતી માં મળેલ ભેટની રકમ પણ અહીંયા નોંધવામાં આવી છે, જો કે તે રકમ ધર્માદામાં આપી દેવામાં આવી હતી.

**<u>ખર્ચો</u>**

૨૦૧૩નાએકાઉન્ટસમાં મહોત્સવમાં ખર્ચાની કિમંત વધારે છે, કારણકે તેમાં ૫૦મા મહોત્સવનો પણ થોડો ખર્ચો છે. તે વખતે ઘણા ખર્ચા વિશે થોડી મુંઝવણ હતી જે છેલ્લા ત્રણ વર્ષના એકાઉન્ટસમાં સરભર કરવામાં આવી છે.
દિવાળી પાર્ટીની આવકમાં ફેરફાર નથી. ૨૦૧૩માં નાતાલની બાળકો માટે પાર્ટી રાખવામાં આવી હતી જે તેના આગલા વર્ષે બરફ પડતા રદ કરી ઈસ્ટર પાર્ટી તરીકે ઉજવવામાં આવી હતી.
નવરાત્રીના હોલ ભાડા માટે મળતી રાહત બંધ થતા નવરાત્રીનો ખર્ચો પણ વધ્યો છે. ૨૦૧૩માં ભજન સંધ્યાનો ખર્ચ ૧૫૦ પાઉન્ડ ઓછો છે. વધુ જ્ઞાતિજનો તેમાં હાજરી આપે તેવી વિનંતી. હિંદુ કાઉન્સીલની સભ્ય ફી ૨૦૦ પાઉન્ડ છે. સંસ્થાને હવે નવરાત્રીના હોલ ભાડા માટે પણ રાહત નથી મળતી અને તેઓની ૧૦ ટિકીટ પણ ખરીદવી પડે છે જેના ૧૦૦ પાઉન્ડ થાય છે.

શું હિંદુ કાઉન્સીલ મારફતે જનાર સંસ્થાને હોલ માટે અગ્રતા આપવામાં આવે છે? મવખએ કહયું કે તેઓ નથી જાણતા અને હિંદુ કાઉન્સીલની સભ્ય ફી વિશે કમિટિ વિચારણા કરી રહી છે.

શુલ્ક ખર્ચા માં ૯૦ પાઉન્ડ એક કારોબારીના સદસ્યને સંસ્થાના કાર્ય કરતા પાર્કિંગ ટિકીટ લાગી હતી અને પહેલી ભુલ હતી માટે કરીને સંસ્થાએ દંડના પૈસા ચુકવ્યા હતા.

૧૪૯૯ પાઉન્ડનો ખર્ચ ફાયર ડોર માટેનો કાનુની કાર્યવાહી માટે નો છે જેમાટે પછીથી વાતચીત કરવામાં આવશે.
૨૦૧૨- ૨૦૧૩ના વર્ષમાં સંસ્થા ખોટ ભોગવવાની છે જે આવતા વર્ષે એના કરતા પણ વધુ હશે.
પાના નં.૬ પર સંસ્થાએ આ વર્ષે ૭૬૨૫ની ખોટ ભોગવી છે તે વાતનો ઉલ્લેખ કરે છે.
પાના નં.૭ પર ની મુખ્ય વાતો , હોલ, વાસણો, લેપટોપ જેવી ફીકસએસેટ ની કિંમત ૧૫૩૨૨૯ પાઉન્ડ છે.
વકીલોની ફી ૨૦૧૨માં ૧૨૦૦૦ પાઉન્ડ હતી જે વધીને ૨૦૧૩માં ૨૩૦૦૦ પાઉન્ડ થ ઈ છે.

**નવીન દુર્લભભા ઈ વખારીઆ (નદવ)** એ શું વકીલની ૧૪૯૯ પાઉન્ડ ફી સંસ્થાના કંપની લીમીટેડ બાય ગેરેંટીનો ખર્ચ છે? **મવખ** એ જણાવ્યું કે આ ખર્ચ ફાયર ડોર માટે છે અને સંસ્થાના કંપની લીમીટેડ બાય ગેરેંટીના બદલાવનો ખર્ચ ૪૮૪૦ પાઉન્ડ છે જે આવતા વર્ષના હિસાબમાં બતાડવામાં આવશે.

એકાંઉન્ટ ને **હરેન્દ્ર ધીરજલાલ ખત્રી (હધખ)** અને **ગણેશ દીપક ખત્રી (ગદખ)** એ મંજુરી આપી.

**<u>૩. નવા ઓડિટર્સની નિમણુંક</u>**

ઓડિટરે તેમની ફી £૧૦૦ વધારી છે. સભ્યો તેમને ફરી નીમણુંક કરવામાટે રાજી થયા હતા જેની મંજુરી **દીપક પ્રાણજીવન ખત્રી (દપખ)** અને **પ્રવિણ ઠાકોરલાલ જરીવાલા (પઠજ)** આપી હતી.

**<u>૪. સ્થાયી ઠરાવોનું ન્યુ કંમ્પની લીમીટેડ બાઈ ગેરેન્ટી માં ટ્રાન્સફર</u>**

મવખએ કહયું કે છેલ્લા અમુક વર્ષમાં જે ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા તેને ફરી એક વાર નવી કંપની લીમીટેડ બાય ગેરેંટી માટે પસાર કરવા પડશે. કમિટિ ૨૦૦૬ સુધી ની વાર્ષિક સભામાં પસાર કરેલ ઠરાવોને અહીં રજુ કરે છે. તે ઠરાવો અંગ્રેજીમાં છાપવામાં આવ્યા છે.

| **એજીએમ** | **ઠરાવ** |
|---|---|
| **૨૦૦૬** | વાર્ષિક સભ્ય ફી ૧૦ પાઉન્ડ |
| **૨૦૦૮** | **મહેમાન સભ્ય** |

જે કોઈના દિકરા દિકરી પરકોમમાં એટલે કે ક્ષત્રિય સમાજની બહાર, પરણે તો માત્ર તેમના સાસુ સસરા માટે (યોગ્ય સભ્ય ફી આપતા) મહેમાન મેમ્બરશીપ રાખવામાં આવશે. મહેમાન મેમ્બરશીપ ના લોકો હિંદુ ધર્મને પાળનારા તથા તેની માન્યતાઓને માનનારા હોય. આ સભ્યને સંસ્થા દ્વારા આયોજીત પ્રોગ્રામોમાં આવવા દેવામાં આવશે.

- તેઓને વોટિંગનો અધિકાર નહીં હોય
- તેઓ વાર્ષિક સામાન્ય સભા તથા અસામાન્ય વાર્ષિક સામાન્ય સભામાં હાજરી નહીં આપી શકે
- તેઓ કમિટિમાં નહીં રહી શકશે.

**૨૦૧૨** અન્ય ગુજરાતી સભ્ય ની સોસીયલ ઈવનીંગ માં આવવાની મંજુરી

મવખ એ જો કોઇને આમાં ફેરફાર ના કરવા હોય તો કમિટિ આ ઠરાવોને મંજુર કરવાનો પ્રસ્તામ મુકે છે એમ કહયું હતું.

આ પ્રસ્તાવનાને **ચંદ્રકાંત લક્ષ્મીદાસ એડનવાલા (ચલઅ)** અને **જીતેન્દ્ર ઠાકોરલાલ અંબારામે (જઠઅ)** મંજુરી આપી હતી.

**૫. ફાયર ડોર વિશે માહિતી**

**કરમ** એ અપના બઝારના માલિક શ્રીમાન પટેલ તેમની જગ્યાના વપરાશ માટે પરવાનગી નથી આપી રહયા. બે બીલ્ડરોએ કેટલો ખર્ચો થશે એની માહિતી આપી છે પણ તેઓને કામ કરવા અપના બઝારની જગ્યામાં જવું પડશે. આપણા વકીલના કાગળોના પણ જવાબ નથી આવ્યા માટે કવે આ મામલો જમીન વિવાદ બની ગયો છે. આપણી પાસે બે વિકલ્પો છે.

૧. કામકાજ ચાલું કરીએ અને આગળ જે પરિણામ આવે તે ભોગવી લઇએ.બિલ્ડીંગના કામકાજનો ખર્ચ ૧૫૦૦ પાઉન્ડ થશે.

૨. કાનુની કાર્યવાહી કરવી. જમીન વિવાદ હોવાથી બેરીસ્ટરની સલાહ લેવી પડશે. તેનો ખર્ચો ૧૫૦૦ પાઉન્ડ થશે. અને કોર્ટમાં બીજા ૧૫૦૦૦ પાઉન્ડ થશે. જો આપણે જીતીએ તો આપણો ખર્ચો શ્રી પટેલે આપવો પડે પણ જો આપણે હારી જઈએ તો તેમનો ખર્ચો આપણે આપવો પડે.

**ઈશ્વરલાલ લક્ષ્મીદાસ એડનવાલા (ઈલઅ)** એ કહયું કે કમિટિએ ઘણી પુછ પરછ કરી છે અને તેમણે પણ મહેન્દ્રભાઇ અને પટેલ સાથે વાત કરી છે. લીઝના માલિક સાથે વાત કરવાની તેમને સલાહ આપવામાં આવી હતી. લીઝના માલિકોને પાછળની એલીના વપરાશની પરવાનગી મળેલ છે એવું તેમનું મંતવ્ય છે. **ઈલઅ**એ તેઓની પરવાનગી લઇ આગળ વધી શકીશું એવી સલાહ આપી હતી.**કરમ** એ કહયું કે મી.સાઠી વાત કરવા મંજુર નથી. **ઈલઅ**એ કહયું કે મી. પટેલનું માનવું છે કે કાઉન્સીલે દરેક પક્ષને નથી જણાવ્યું અને હવે આ મામલો કોર્ટમાં દાખલ કરવો પડશે. **કરમ** એ કહયું કે જમીન વિવાદ હોવાથી આપણે પુરવાર કરવું પડશે. કરેલ તપાસમુજબ પાછળની ગલીનો વપરાશ ૨,૪,૬,૮ સંડ્રીગ્હમ રોડના રહેવાશી માટે હતો જેથી તેઓ હાય રોડ પર જઇ શકે. **ઈલઅ**એ કહયું કે જો કોઇ ફરિયાદ ના કરે તો કાઉન્સીલ કોઇ પગલા ના ભરે. **કરમ** એ કહયું કે આથી જ બેરીસ્ટરની સલાહ લેવી પડશે. **ઈલઅ**એ કહયું કે આપણે જો કોર્ટમાં જઇએ તો કદાચ એ ગભરાય પણ જાય કારણ કે મી. પટેલને હાલમાં એમ છે કે આપણે કાંઇ નહીં કરીએ.

**કરમ** એ કહયું કે જો દરવાજો બનાવવા લાગીશું તો કદાચ કો ઈ લીઝ વાળું ફરિયાદ નોંધાવશે. હાલે કો ઈ જાતનો પ્રતિસાદ નથી મળી રહયો. દુકાનની ઉપર ભાડુતો પણ રહે છે.

**મવખ**એ કહયું કે મી. પટેલ અને મી. સાઠી આપણને સીધા જ્વાબો નથી આપતા અને એકબીજાનો વાંક કાઢે છે. જ્યારે આપણે પ્લાનીંગ પરમીશન મેળવી હતી ત્યારે તેણે આ બાબતને ખોટી પુરવાર કરવા કાઉન્સીલમાં જઇશ એમ કહયું હતું. વર્ષ થ ઇ ગયું પણ કો ઈ કાગળ નથી આવ્યો. **ઇલઅ**એ કહયું કે મી. પટેલે કાઉન્સીલને કાગળ લખ્યો છે અને તેઓ તેના જ્વાબની રાહ જો ઈ રહયા છે, તથા આપણે ખોટી રીતના પરવાનગી મેળવી છે એમ મી. પટેલ માને છે. **મવખ**એ કહયું કે તે મી. પટેલે કાઉન્સીલને સાબિત કરી આપવું પડશે.

**કરમ** એ કહયું કે કાઉન્સીલની વેબ સાઈટ પર સર્વે માહિતી હોય છે અને ૬-૮ અઠવાડીયાનો સમય પરામર્શ માટે આપવામાં આવે છે તથા તેમણે કોને પત્ર લખ્યા છે તે પણ માહિતી હોય છે.

**મવખ**એ કહયું કે તેમના મંતવ્ય મુજબ બેરીસ્ટરો, તેમના અનુભવવાના આધારે કોઈ વાર  સો ટકા ખાતરી નહીં આપે અને જો છેવટે કોર્ટમાં જ્વું પડે તો ૧૫૦૦૦ પાઉન્ડનો ખર્ચો થશે.તેના કરતા દરવાજો બનાવવામાં ખર્ચ કરીએ. પણ કમિટિ તમોને પુછયા વગર આ નિર્ણય નહીં લઇ શકે. આપણે ૩૦૦૦ પાઉન્ડનું જોખમ લેવું પડે, ૧૫૦૦ પાઉન્ડ દરવાજો બનાવવાના અને ૧૫૦૦ પાઉન્ડ કદાચ દરવાજો ફરી વાર બંધ કરવાના.

**પ્રફુલ નટવરલાલ નરોત્તમ (પનન)**એ જોખમ લેવા અને ખોટા પૈસા ખરચવા કરતા બીજો મોટો હોલ લેવા શા માટે નથી વિચારતા? બેંકમાં ૧૬૦૦૦૦ પાઉન્ડ છે અને આ હોલના બીજા ૩૫૦૦૦૦ પાઉન્ડ આવશે. જેથી થોડો મોટો હોલ લેવાય.

**કરમ** એ કહયું કે નાના હોલના પણ હવે ૧૦૦૦૦૦૦ પાઉન્ડ બોલાય છે.

**મવખ**એ કહયું કે સાઉથગેટમાં એક હોલ જેમાં ઘણું સમારકામ કરાવવું પડ તેમ હતું તેના તેઓ ૧૨૦૦૦૦૦ પાઉન્ડ માંગતા હતા જે આપણા ગજાની બહાર છે.

**કરમ** એ કહયું કે વેસ્ટ હેંડનનો હોલના ૧૦૦૦૦૦૦ પાઉન્ડમાંગતા હતા. ફાયર દરવાજો સુરક્ષા માટે બનાવવાનો વિચાર કરીએ છીએ.

**નદવ** એ કહયું કે હોલ ખરીદવાની વાતો વિશે પહેલા પણ ચર્ચા કરવામાં આવી છે. ત્યારે પેપરકામ બહું કરવું પડે તેમ કહી કમિટિએ લોટરીના પૈસા માટે અરજી કરવા ના પાડી હતી. દરજી મંડળ, મુસ્લીમ સમાજ, બધાએ લોટરી ફંડના પૈસે હોલ ખરીદયા છે. શું આપણે હોલ ખરીદી શકીએ કે નહીં?

**કરમ** એ કહયું કે લોટરીના પૈસા માટે ઘણી શરતો હોય છે અને કમિટિએ આ માટે વધુ વિચાર નથી કર્યો અને હાલે તો તેઓ ફાયર દરવાજો બનાવવો કે નહીં તે માટે ચર્ચા કરીએ છીએ. નવા હોલ માટે ચર્ચા અનય વિષયોમાં કરી શકીશું.

**પ્રકાશ ઠાકોરલાલ જરીવાલા(પ્રઠજ)** એ કહયું કે તેઓ પણ ૧૫૦૦૦ પાઉન્ડનો ખર્ચો કરવા કરતા ૩૦૦૦ પાઉન્ડનું જોખમ લેવા સાથે સહેમત છે. આપણે એ દરવાજો કાયમ વાપરવાના નથી અને માટે કોઈ ફરિયાદ નથી કરવાનું. ૧૯૮૫થી આજ સુધી આની જરૂર નથી પડી અને આશા કરીએ કે કોઈવાર જરૂર પણ નહીં પડે. જો એ દરવાજો પાછો બંધ ના કરવો પડે તો આ વિકલ્પ અપનાવવા જેવો છે.

**દીપક પ્રાણજીવન ખત્રી (દપખ)** એ કહયું કે દરવાજાનો ખર્ચો તો ઠીક પણ દિવાલ રીસીલ કરવાનો પણ વિચાર કર્યો છે? તેમની તરફની જમીન આપણા કરતા ઉંચી છે માટે આપણ ડેમ્પ પ્રુફ કરાવ્યું હતું. માટે રટડીયેટરો સ્પેશીયલ બ્રેકેટ પર રાખવામાં આવેલ છે.

**કરમ** એ કહયું કે ૨૦૦૦ પાઉન્ડ પ્લસ વીએટીનું એસ્ટીમેટ દરવાજો બાંધવા માટે છે અને બીલ્ડરોને જણાવ્યું હતું માટે આશા કરીએ કે તેમણે આ વસ્તુની નોંધ લીધી હશે.

**દપખ** એ કહયું ઓરીજીનલ ગેરેંટી, જે લગભગ ૨૫ વર્ષ માટે હતી, કદાચ વેલીડ નહીં રહે.

**મહેન્દ્ર જગમોહન ગોહિલ (મજગ)** એ કહયું કે ૧૯૮૮માં જયારે આપણે આ હોલ ખરીદયો હતો અને જે આર્કીટેકટ ત્યારે હતો તેનું કહેવું છે કે આ હોલ પહેલા ઘોડાનો તબેલો હતો અને જયાં આપણે ફાયર ડોર બનાવવા માંગીએ છીએ ત્યાં ફાયર એકઝીટ હતો.

**કરમ** એ કહયું કે તેમણે કાઉન્સીલની વેબસાઇટ પર જોયું પણ ત્યાં એટલા સમય પહેલાના પ્લાન નથી.

**મજગ** એ કહયું કે આર્કીટેકટનું મંતવ્ય છે કે ફાયર ડોર મુકવાથી કોઇ વાંધો નહીં આવે અને મી. પટેલ ખોટી ધમકી આપી રહયો છે. બાજુ વાળા ચીકન ટીક્કા દુકાનવાળાની સાથે પણ મી.પટેલનો જમીન વિવાદ થયો હતો જેમાં મી. પટેલને ૫૫૦૦૦ પાઉન્ડનો ખર્ચ ભોગવવો પડયો હતો.

**કરમ** એ કહયું કે જેઓ ફાયર ડોર મુકાવવાને મંજુરી આપતા હોય તેઓ હાથ ઉપર કરે. આ પ્રસ્તાવને સર્વેની સંમતિ મળી હતી.

**<u>૬. અન્ય વિષયો</u>**

**દપખ** એ કહયું કમિટિ કદાચ હાલમાં અપાતી હિંદુ કાઉન્સીલની સભ્ય ફી ભરવાની બંધ કરી દેશે. શું આ ફી થી સંસ્થાને નવરાત્રી માટે હોલ મળે છે? કે પછી મંડળે જાતે જ હોલ શોધવો પડે છે. જો આપણે ફી બંધ કરીએ તો આપણા કરતા ફી ભરનાર સંસ્થાને પ્રાયોરીટી આપવામાં આવે કે પછી પહેલો તે વહેલોના ધોરણે હોલ ભાડે આપવામાં આવે છે.

**કરમ** એ કહયું કે ઘણી સંસ્થાઓ જાતે જ હોલ બુક કરે છે. પહેલા હિંદુ કાઉન્સીલ હોલ કોને આપવો તે નકકી કરતી હતી. વાર્ષિક સભ્ય ફી ૨૦૦ પાઉન્ડ છે.

**પઠજ** એ બે પ્રશ્નો પુછયા. ૧. ગઇ સામાન્ય સભામાં સ્માર્ટ મીટરો મુકાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. શું મીટરો મુકાય ગયા છે? ૨. સંસ્થાના હોલમાં ફોન લાઇન આવતાફોન રીસીવ નથી કરી શકતું તો બહારના લોકો કેવી રીતના સંપર્ક કરે?

**કરમ** એ કહયું કે વીજળી માટે સ્માર્ટ મીટર મુકાય ગયું છે પણ ગેસ માટે હજુ તે ઉપલબ્ધ નથી. અને બધા પાસે મોબાઇલ ફોન હોવાથી સંસ્થાના હોલનો ફોન કાઢી નાખવામાં આવ્યો છે. લોકોનું એવું માનવું હતું કેફ ોન હમણાં જ બગડયો છે. અંતમાં **કરમ** એ જણાવ્યું કે લોકોનું એવું મંતવ્ય છે કે ફોન લાઇન હવે કઢાવી નાખવી જોઇએ.

**મનોજ નારણદાસ ખત્રી (મનખ)** એ કહયું કે આ હોલને લીધાને ૨૪ વર્ષ થયા અને ફાયર ડોર માટે ખર્ચો કરવાનું રહેવા દેવું જોઇએ.લોકો અને ઘણા સમાજે કંઇક કરવાની ધગશ રાખવાથી ઘણી પ્રગતિ કરી છે. આપણા હોલમાં પ્રમુખના ફોટા રાખવાની પણ હવે જગ્યા નથી.

**મવખ** એ કહયું કે આ વાત બરોબર છે પણ જ્યારે કમિટિએ ૧૨૦૦૦૦૦ પાઉન્ડનો હોલ જોયો ત્યારે બીજા ૭૫૦૦૦૦ પાઉન્ડ ભેગા કરવા પડે તેમ હતું. આપણી જ્ઞાતિમાં ૩૫૦ પરિવારો છે. શું તેમાંથી આટલી રકમનું દાન મળી રહે? કે પછી લોન ગઇએ? સત્તાવીસ પાટીદારના હોલમાં બે વાર બેલીફ આવ્યા છે એવી વાતો તેમને મળી છે. કમિટિ બીજો હોલ જોતી રહેતી હોય છે. પણ જો જરાક જ મોટો હોલ લીધો તો લોકો કહેશે કે આનો શું અર્થ? અને એકદમ મોટા હોલ માટે મોટી કિંમત ચુકવવી પડે. એ પ્રકારમા હોલને લીધા બાદ તેને ધંધાની દ્રષ્ટિથી રોજ ભાડે ચડે એમ જોવું પડે છે. નવો હોલ લેવું એ વિચાર ઉત્કૃષ્ટ છે પણ તે માટે સર્વે જ્ઞાતિજનોએ દિલ ખોલીને દાન આપવું પડશે.

**મનખ** એ પુછયું કે તો હોલ ગેવાનો સમય કયારે આવશે?

**મવખ** એ કહયું કે કદાચ આપણે સમય ચુકી ગયા છીએ. હોલ કરતા પણ મહત્વનો સવાલ સંસ્થા ૨૫ વર્ષમાં કયાં હશે? જ્ઞાતિજનો હવે પરકોમમાં લગ્ન કરે છે તો ક્ષત્રિય સમાજનું શું થશે? એજીએમમાં હાજરી આપનારની સંખ્યા ઓછી થવા લાગી છે અને એના એ જ ચહેરા દેખાતા હોય છે. ભવિષ્યમાં કોણ આવશે? લોકો ની હાજરી સંસ્થાના કાર્યક્રમોમાં ઓછી થવા લાગી છે. જે લોકો ભજન સંધ્યામાં આવવા તૈયાર નથી તેમની પાસે ૧૦૦૦૦ પાઉન્ડ ની આશા કેવી રીતના રખાય? લોન લેવું એ બહુ મોટું પગલું છે અને તેને ભરવાની જ્વાબદારી આપણે સર્વેએ સ્વીકારવી પડશે.

**કરમ** એ નવરાત્રી અને દિવાળી પાર્ટીની તારીખોની જાહેરાત કરી અને આવતા શુક્રવારે સોશીયલ ઇવનીંગ છે તેવી ઘોષણા કરી હતી.

સામાન્ય સભા સાંજે ૪.૪૦ કલાકે પુરી થઇ.

ઉપરની તમામ વિગતો મીટીંગ માં લેવાયેલ નોંધ ના આધારે લખાય છે.

મુકેશ વલ્લભભાઇ ખત્રી - પ્રમુખ

કમલેશ રતીલાલ મોતીરામ - સેક્રેટરી

તારીખ - ઓકટોબર ૨૦૧૪